# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 31-07-2024 Morning : 9.00 to 9.10
Day : Wednesday National News

આકાશવાણી- સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*******************************************************

- કેરળના વાયનાડમાં ભૂસ્ખલન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 135 લોકોના મોત – 200થી વધુ લોકો ગુમ
- વિએતનામના પ્રધાનમંત્રી ફામ મિન્હ ચિન્હ આજથી ભારતના ત્રણ દિવસ રાજકીય પ્રવાસે – રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરશે
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની અધ્યક્ષતામાં આ શુક્રવારે પહેલી વાર રાજ્યપાલોનું 2 દિવસનું સંમેલન યોજાશે.
- કર્ણાટક અને મધ્ય મહારાષ્ટ્રમાં શનિવાર સુધી અત્યંત ભારે વરસાદની આગાહી
- ભારતે ટી-20 મેચની શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચમાં શ્રીલંકાને હરાવ્યું
- પેરિસ ઑલિમ્પિક્સમાં આજે ભારતના મુક્કેબાજ, તીરંદાજ, બેટમિન્ટન ખેલાડી અને નિશાનેબાજ મેદાનમાં ઉતરશે.

*******************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# VAYNAD LANDSLIDES

કેરળના વાયનાડમાં ભૂસ્ખલન દુર્ઘટનામાં મૃત્યુઆંક 135 થયો છે. જ્યારે વિવિધ હૉસ્પિટલમાં 186 લોકોની સારવાર ચાલી રહી છે. તેમ જ 200થી વધુ લોકો ગુમ હોવાના અહેવાલ છે. સેનાની ત્રણેય પાંખ, રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ – NDRF અને અન્ય સંસ્થાઓ સંયુક્તપણે બચાવ અને રાહત કામગીરી કરી રહી છે.

વાયનાડમાં ચાલી રહેલી 45 રાહત શિબિરમાં 3 હજાર 69 લોકોને રાખવામાં આવ્યા છે. લઘુમતી બાબતોના રાજ્યમંત્રી જ્યૉર્જ કુરિયને ગઈકાલે રાત્રે વાયનાડ પહોંચી રાહત કાર્યોનું નિરીક્ષણ કરી સેના તેમ જ NDRFના અધિકારીઓ સાથે પણ વાત કરી હતી.

કેરળના રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાન અને મુખ્યમંત્રી પિનરાઈ વિજયન આજે વાયનાડની મુલાકાત કરશે. તો આતરફ હવામાન વિભાગે મલપ્પુરમ્, કોઝિકોડ, વાયનાડ, કન્નૂર અને કાસરગોડ જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે..

# VIETNAM PM VISIT

વિએતનામના પ્રધાનમંત્રી ફામ મિન્હ ચિન્હ ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ સાથે ભારતના ત્રણ દિવસીય રાજકીય પ્રવાસ અંતગર્ત નવી દિલ્હી પહોંચ્યા છે. પ્રતિનિધિમંડળમાં અનેક મંત્રીઓ અને વ્યાપારી પ્રતિનિધિઓ પણ સામેલ છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, વિદેશ રાજ્યમંત્રી પબિતા માર્ગેરિયાએ હવાઈમથક પર શ્રી ફામ મિન્હ ચિન્હનું સ્વાગત કર્યું હતું.

શ્રી જયસ્વાલે વિએતનામની સાથે ભારતના પરસ્પર સાંસ્કૃતિક સંબંધો અને વર્ષો જૂની મિત્રતા અંગે કહ્યું કે, શ્રી ચિન્હના આ પ્રવાસથી બંને દેશ વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બનશે. શ્રી ચિન્હરાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને વિદેશ મંત્રી ડૉ. એસ.જયશંકર સાથે  પણ મુલાકાત કરશે. દરમિયાન પ્રધાનમંત્રી ચિન્હ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય સંવાદ કરશે. શ્રી મોદીએ તેમના સન્માનમાં બપોરે ભોજનનું પણ આયોજન કર્યું છે.

# LS - RS

લોકસભામાં આજે વર્ષ 2024-25 માટે રેલવે મંત્રાલયના નિયંત્રણ હેઠળની અનુદાન માટેની માગણીઓ પર, જ્યાંરે રાજ્યસભામાં કેન્દ્રીય અંદાજપત્ર પરની ચર્ચા યથાવત્ રહેશે. ગઈકાલે રેલવે મંત્રાલયની અનુદાન માટેની માગણીઓ પર ચર્ચામાં ભાગ લેતા, કોંગ્રેસના કે. સુરેશે રેલવે મંત્રાલય માટેનું અંદાજપત્ર અસમાન રીતે વહેંચવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

તૃણમૂલ કોંગ્રેસના ડૉ. કાકોલી ઘોષ દસ્તીદારે જણાવ્યું કે, છેલ્લા બે મહિનામાં રેલવે દુર્ઘટનાઓમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમણે કહ્યું કે, રેલવે આવકના સાધન કરતાં સરકારની સામાજિક જવાબદારી વધુ છે. જનતાદળ યુનાઇટેડના દિલેશ્વર કામૈતે કહ્યું કે, ભારતીય રેલવે ઝડપી ગતિએ આગળ વધી રહી છે. કોંગ્રેસના એમ. કે. રાઘવન અને શિવસેનાના ઓમપ્રકાશ ભૂપાલસિંહે પણ ચર્ચામાં ભાગ લીધો હતો.

આ ઉપરાંત લોકસભાએ ગઇકાલે જમ્મુ અને કાશ્મીર વિનિયોગ વિધેયક 2024 પસાર કર્યું હતું અને વર્ષ 2024-25 માટે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની અનુદાન માટેની માંગણીઓને પણ મંજૂરી આપી હતી. રાજ્યસભામાં ચર્ચામાં ભાગ લેતા, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રફુલ્લ પટેલે જણાવ્યું હતું કે, સરકારે રાજકોષીય શિસ્તનો અભિગમ અપનાવ્યો છે અને વર્ષ 2014થી દેશની નાણાકીય સ્થિતિને નિયંત્રણમાં રાખી છે.

ચર્ચામાં ભાગ લેતા કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું કે, રોજગાર સર્જનની સાથે માળખાકીય વિકાસ અંદાજપત્રનું કેન્દ્ર બિંદુ છે. કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા માર્ક્સિસ્ટના ડૉ. વી. શિવદાસન, શિવસેનાનાં પ્રિયંકા ચતુર્વેદી, ભાજપના ડો. સિકંદર કુમાર, આમ આદમી પાર્ટીના સંદીપકુમાર પાઠક સહિતના સભ્યોએ અંદાજપત્ર પરની ચર્ચામાં ભાગ લીધો હતો.

# LS- PLI SCHEME

કેન્દ્ર સરકારે ઉત્પાદન સંબંધિત પ્રોત્સાહન યોજના એટલે કે, **PLI** હેઠળ માર્ચ 2024 સુધીમાં 14 ક્ષેત્રમાં 755 અરજીને મંજૂરી આપી છે. આ યોજના અંતર્ગત માર્ચ 2024 સુધીમા 1 લાખ 23 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરાયું છે તેમજ લગભગ 8 લાખ રોજગારીની તકનું સર્જન થયું છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી જિતિન પ્રસાદે લોકસભામાં આ માહિતી આપી હતી. ઉલ્લેખનીય છે કે, **PLI** યોજનાનો હેતુ મુખ્ય ક્ષેત્રો અને અત્યાધુનિક ટેકનોલોજીમાં રોકાણને આકર્ષવાનો છે..

# PREZ GOVERNORSCONFERENCE

નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે આ શુક્રવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની અધ્યક્ષતામં રાજ્યપાલોનું 2 દિવસીય સંમેલન યોજાશે. રાષ્ટ્રપતિની અધ્યક્ષતામાં યોજાનારું રાજ્યપાલોનું આ પહેલું સંમેલન હશે. રાષ્ટ્રપતિ સચિવાલયે કહ્યું કે, તમામ રાજ્યોના રાજ્યપાલ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક કેન્દ્રીય મંત્રીઓ આ સંમેલનમાં ઉપસ્થિત રહેશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, આ સંમેલનના એજન્ડામાં ત્રણ ફોજદારી કાયદાનું અમલીકરણ, ઉચ્ચ શિક્ષણમાં સુધારા અને વિશ્વ વિદ્યાલયોની માન્યતા તેમ જ કેન્દ્રીત ક્ષેત્રનો વિકાસ સામેલ છે. પ્રચાર અભિયાનોમાં રાજ્યપાલોની ભૂમિકા અને રાજ્યોમાં વિવિધ કેન્દ્રીય સંસ્થાઓ વચ્ચે યોગ્ય સંકલન સહિત ઘણા મહત્વના મુદ્દાઓ પર પણ ચર્ચા થવાની શક્યતા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર આપ . અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ સમાચાર . માટે આપઅમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# SRI LANKA CRICKET

ભારતે શ્રીલંકા સામેની ત્રણ મેચની ટી-20 મેચની શ્રેણીમાં ત્રીજી અને અંતિમ મેચમાં શ્રીલંકાને હરાવી દીધું છે. ભારતે પહેલા બેટિંગ કરતા શ્રીલંકાને જીતવામાટે 137 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જોકે, શ્રીલંકાએ 20 ઑવરમાં 8 વિકેટ ગુમાવી આ લક્ષ્યાંક હાંસલ કરી લેતા સુપર ઑવર કરાવવી પડી હતી.

સુપર ઑવરમાં શ્રીલંકા માત્ર 2 જ રન બનાવી શકી. જ્યારે ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે સુપર ઑવરના પહેલા જ બૉલમાં ચાર રન બનાવી સિરીઝ પોતાના નામે કરી લીધી હતી. આ શ્રેણીમાં ભારતના વૉશિંગ્ટન સુન્દરને પ્લેયર ઑફ ધ મેચ, જ્યારે સૂર્યકુમાર યાદવને પ્લેયર ઑફ ધ સિરીઝ તરીકે પસંદ કરાયા હતા. હવે ભારતીય ટીમ રોહિત શર્માના નેતૃત્વમાં શ્રીલંકાથી કૉલમ્બોમાંત્રણ મેચની વન-ડે મેચની શ્રેણી રમશે.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે ઉત્તર-પશ્ચિમ, ઉત્તર-પૂર્વ, પશ્ચિમ, મધ્ય અને દક્ષિણ ભારતમાં આગામી થોડા દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની સ્થિતિ યથાવત્ રહેવાની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, કર્ણાટક અને મધ્ય મહારાષ્ટ્રમાં આ શનિવાર સુધી અત્યંત ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. ઉપરાંત દેશના અનેક સ્થળ પર આગામી ચાર દિવસ સુધી ભારે વરસાદ વરસશે .હવામાન વિભાગે આજે દિલ્હીમાં ભારે વરસાદ અને આવતીકાલથી આગામી પાંચ દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

# PARIS OLYMPICS TODAY MATCHES

પેરિસ ઑલિમ્પિક્સના પાંચમા દિવસે આજે ભારતના મુક્કેબાજ, તીરંદાજ, બેટમિન્ટન ખેલાડી અને નિશાનેબાજ પોતપોતાની સ્પર્ધા રમશે. ટોક્યોમાં કાંસ્ય ચંદ્રક જીતનારાં મુક્કેબાજ લવલિના બોર્ગોહાઈન નૉર્વેનાં સુન્નીવા હૉક્સટાડની સામે રમશે. નિશાનેબાજીમાં ઐશ્વરી પ્રતાપ સિંહ તોમર પુરૂષોની 50 મીટર રાઈફલ થ્રિ પોઝિશન ક્વાલિફિકેશન સ્પર્ધામાં રમશે. મહિલાઓની ટ્રેપ નિશાનેબાજી ક્વાલિફિકેશનના પહેલા દિવસે 68 પૉઈન્ટ મેળવનારાં શ્રેયસી સિંહ અને રાજેશ્વરીકુમારી ક્વાલિફિકેશન રાઉન્ડના બીજા દિવસે આજે સ્પર્ધામાં પરત ફરશે.

બેડમિન્ટન ગૃપ તબક્કામાં પુરૂષ સિંગલ્સમાં એચ. એસ. પ્રણોયનો સામનો વિએતનામના ડક ફેટ લે સાથે થશે. જ્યારે લક્ષ્ય સેન ઇન્ડોનેશિયાના જોનાટન ક્રિસ્ટી સામે રમશે. મહિલાઓના સિંગલ્સ ગૃપ તબક્કામાં પી. વી. સિંધુ એસ્ટોનિયાનાં ક્રિસ્ટીન ક્યૂબા સામે રમશે. જ્યારે મહિલાઓના સિંગલ્સમાં 32મા તબક્કામાં ટેબલ ટેનિસમાં શ્રીજા અકુલા સિંગાપોરનાં ચિયાન જેન્ગ સામે રમશે. તીરંદાજીમાં પુરૂષોના એલિમિનેશન રાઉન્ડમાં તરૂણદીપ રાય અનેમહિલાઓના એલિમિનેશન રાઉન્ડમાં દિપીકાકુમારી રમશે. મહિલાઓની 54 કિલો વજન વર્ગના 16મા રાઉન્ડની મુક્કેબાજી સ્પર્ધામાં પ્રીતિ પવાર આજે કોલમ્બિયાના એની એરિયાસ સામે સ્પ્લિટ નિર્ણયમાં 3–2થી હારી ગયાં હતાં. ભારતે અત્યાર સુધી 2 ચંદ્રક જીત્યા છે. બંને ચંદ્રક નિશાનેબાજીમાં આવ્યા છે. મનુ ભાકરે મહિલાઓની 10 મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો. ત્યારબાદ મિક્સ્ડ ટીમ સ્પર્ધામાં મનુ ભાકરે સરબજોત સિંહની સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.